Sandesh

EDII

February 28, 2019
Pg.2

### રેટિંગ મેળવનાર યુનિ.-કોલેજોને ઍવૉર્ડ અપાયા

# યુનિવર્સિટીઓ, કોલેજોની ગુણવત્તા સુધારવા રેટિંગ ફ્રેમવર્કનું લોન્ચિંગ

## લર્નિંગ, ટીચિંગ અને રિસર્ચમાં યુનિવર્સિટીઓ અગ્રેસર બને : ભૂપેન્દ્રસિંહ

। અમદાવાદ ।

યુનિવર્સિટીઓ, કોલેજોની ગુણવત્તા સુધારવા સ્ટેટ ઈન્સ્ટિટયુશનલ રેટિંગ ફ્રેમવર્કનું બુધવારે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ તબક્કે શિક્ષણ મંત્રીએ જે તે સ્ટાર મેળવનાર યુનિવર્સિટીઓ અને કોલેજોના પ્રતિનિધિઓને એવોર્ડ એનાયત કર્યા હતા.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, રેટિંગ ફ્રેમવર્કના આયોજન પાછળનો હેતુ રાજ્યની યુનિવર્સિટીઓ ગુણવત્તાના ધોરણો મુજબ સ્થાન પ્રાપ્ત કરે અને સમગ્ર દેશની યુનિવર્સિટીઓમાં હરીફાઈ કરે તેવો છે. આ કાર્યક્રમ રાજ્યની યુનિવર્સિટીઓની ગુણવત્તામાં તુલનાત્મક સુધારો લાવી શકશે. શિક્ષણ વિભાગ દ્વારા ભારત સરકારના માનવસંસાધન વિકાસ વિભાગની પહેલ સમાન નેશનલ ઈન્સ્ટિટયુશનલ ફ્રેમવર્કનું આ લોન્ચિંગ કરાયું છે. યુનિવર્સિટી કેટેગરીમાં પાંચમાંથી ૪ સ્ટાર મેળવેલ ૧૧ યુનિવર્સિટીઓમાં ૪ સરકારી યુનિવર્સિટી, ૪ સરકારી સેકટરલ યુનિવર્સિટી અને ૩ પ્રાઈવેટ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. લો કેટેગરીમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીએ ૩.૭૮ સીજીપીએ અને ૪ સ્ટાર મેળવેલ છે, જે ભાગ લીધેલ તમામ યુનિવર્સિટીમાં સૌથી વધુ છે. આ રેટિંગમાં ૩.૫૯ સીજીપીએ અને ૪ સ્ટાર સાથે સરકારી યુનિવર્સિટીમાં ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીનો પ્રથમ ક્રમ છે. બીજા ક્રમે ૩.૫૮ સીજીપીએ અને ૪ સ્ટાર સાથે સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૩.૫૬ સીજીપીએ અને ૪ સ્ટાર સાથે તૃતીય ક્રમ મેળવ્યો છે. કોલેજ કેટેગરીમાં સેન્ટ ઝેવિયર્સ અમદાવાદ ૪.૬ સીજીપીએ અને ૫ સ્ટાર સાથે કોલેજ કેટેગરીમાં પ્રથમ ક્રમે છે. આ સાથે અન્ય કોલેજોનો પણ સમાવેશ થાય છે. શિક્ષણ મંત્રીએ કહ્યું કે, ટિચિંગ, લર્નિંગ અને રિસર્ચમાં સમગ્ર દેશમાં આપણી યુનિવર્સિટીઓ અગ્રેસર બને તે દિશામાં આપણે ચોક્કસ લક્ષ્યાંક સાથે આગળ વધવું એ સમયનો તકાજો છે.